GJJN220001152025

| | |
|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૨૫/૦૩/૨૦૨૫ |
| કેસ નોંધ્યા તારીખ | ૨૫/૦૩/૨૦૨૫ |
| કેસ નિકાલ તારીખ | ૨૩/૦૭/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૪ ૨૮ |

**નમુના–અ**

| **વંથલીના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી ની કોર્ટમાં, મુકામઃ વંથલી.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | તા. ૨૩/૦૭/૨૦૨૬ |
| કેસ નંબર | **પોકસો કેસ નં. ૬/૨૦૨૫.** |
| **જજમેન્ટ આંક** | |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૭, ૧૩૭(૨), ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબ. |
| પ્રથમ માહીતી એહવાલ સંખ્યા | ૧૧૨૦૩૦૦૬૨૫૦૦૦૧/૨૦૨૫. |
| પોલીસ સ્ટેશન | બાંટવા પોલીસ સ્ટેશન. |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એડી.પી.પી.શ્રી જે.એમ. દેવાણી |
| આરોપીપક્ષ | **અક્ષય દેવાભાઇ પાંડાવદરા,**<br>જાતે–અનુ.જાતિ, ઉ.વ. ૨૨, ધંધો–પ્રા.નોકરી,<br>રહે. ગોરસર, તા.જી. પોરબંદર.<br>હાલ–મુન્દ્રા, જી.કચ્છ. |

| | |
|---|---|
| રજુઆત | વિ.વકીલશ્રી જે.એ. વાઘેલા |

**નમુના–બ**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૬/૦૧/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની | ૦૭/૦૧/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૨૩/૦૩/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૧૦/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૩/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૩/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**નમુના–ક**

**ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી–એ.યુ. સોંદરવાની જુબાની. | ૧૮ |
| ૨. | ભોગ–બનનારની જુબાની. | ૨૦ |
| ૩. | પોલીસ સાહેદ–હર્ષાબેન પાબુદાન ગઢવીની જુબાની. | ૬૦ |
| ૪. | પોલીસ સાહેદ–રુત્વીક મંગાભાઇ વાળાની જુબાની. | ૬૪ |
| ૫. | પોલીસ સાહેદ–દિલીપકુમાર રતનસીંહ પારઘીની જુબાની. | ૭૪ |

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પોલીસ ફરીયાદ. | ૧૯ |
| ૨. | ભોગ–બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નીવેદન. | ૨૧ |
| ૩. | અપહરણ થનારની દુરદર્શન ઉપર બહોળી પ્રસિધ્ધી તેમજ તપાસ તજવીજ કરાવવા | ૨૨ |

| | | |
|---|---|---|
| | પરિશિષ્ટ–ક–૧. | |
| ૪. | ભોગ–બનનારનું જન્મ પ્રમાણપત્ર. | ૨૩ |
| ૫. | નાયબ પોલીસ અધિક્ષકશ્રી, કેશોદને આગળની તપાસ થવા માટે લખેલ યાદી. | ૨૪ |
| ૬. | નોડલ ઓફીસરને મોબાઇલ નંબરના સીડીઆર મળવા બાબત લખેલ પત્ર. | ૨૫ |
| ૭. | બનાવની જગ્યાનું પંચનામુ. | ૨૬ |
| ૮. | કલમ–૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ. | ૨૭ |
| ૯. | આચાર્યશ્રી, સરકારી ગુજરાતી ઉચ્ચતર માધ્યમીક શાળા, બાંટવાને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરાઇ કરવા બાબત લખેલ પત્ર. | ૨૮ |
| ૧૦. | નોડલ ઓફીસરને મોબાઇલ નંબરના સીડીઆર મળવા બાબત લખેલ પત્ર. | ૨૯ |
| ૧૧. | નોડલ ઓફીસરને મોબાઇલ નંબરના સીડીઆર મળવા બાબત લખેલ પત્ર. | ૩૦ |
| ૧૨. | રીડર પી.એસ.આઇ. જુનાગઢનાએ આગળની તપાસ આઇયુસીએડબલ્યુ યુનીટને સોંપ્યા બાબત કરેલ હુકમ. | ૩૧ |
| ૧૩. | ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ. | ૩૨ |
| ૧૪. | કલમમાં ઉમેરો કરવા જયુડી.મેજી.ફ.ક.શ્રી માણાવદરને લખેલ યાદી. | ૩૩ |
| ૧૫. | મેડીકલ ઓફીસર, સી.એચ.સી. માણાવદરને આરોપીની મેડીકલ તપાસણી કરવા લખેલ પત્ર. | ૩૪ |
| ૧૬. | આરોપીનું અટક પંચનામુ. | ૩૫ |
| ૧૭. | કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર. | ૩૬ |
| ૧૮. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા પી.એસ.ઓ. બાંટવાને લખેલ યાદી. | ૩૭ |
| ૧૯. | ભોગ–બનનારનો મેડીકલ તપાસણી રીપોર્ટ. | ૩૮ |
| ૨૦. | આરોપીનો મેડીકલ તપાસણી રીપોર્ટ. | ૩૯ |
| ૨૧. | ભોગ–બનનારના કપડા કબ્જે કર્યાનું પંચનામુ. | ૪૦ |
| ૨૨. | કલમ–૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ. | ૪૧ |
| ૨૩. | સી.એચ.સી. માણાવદરનાએ જનરલ હોસ્પીટલ જુનાગઢના રેડીયોલોજી વિભાગને ભોગ–બનનારની એઇજ એસ્ટીમેશન તથા અલ્ટ્રા સોનોગ્રાફી માટે લખેલ પત્ર. | ૪૨ |
| ૨૪. | જયુડી.મેજી.ફ.ક.શ્રી, માણાવદરને ભોગ– | ૪૩ |

| | | |
|---|---|---|
| | બનનારનું બીએનએસએસ કલમ–૧૮૩ મુજબનું નીવેદન લેવા લખેલ યાદી. | |
| ૨૫. | આરોપીની મેડીકલ તપાસણી કરી શીલબંધ નમુના મોકલ્યા બાબત પી.આઇ. આઇયુસીએડબલ્યુ યુનીટ જુનાગઢને લખેલ યાદી. | ૪૪ |
| ૨૬. | ભોગ–બનનારની મેડીકલ તપાસણી કરવા મેડીકલ ઓફીસર, સીવીલ હોસ્પીટલ, જુનાગઢને લખેલ યાદી. | ૪૫ |
| ૨૭. | સીવીલ હોસ્પીટલ, જુનાગઢનો લેબોરેટરી રીપોર્ટ. | ૪૬ |
| ૨૮. | ચીફ ઓફીસર, નગરપાલીકા બાંટવાને ભોગ–બનનારનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટને આધારે દાખલો આપવા બાબત લખેલ પત્ર. | ૪૭ |
| ૨૯. | પરિશિષ્ટ–ક–૨. | ૪૮ |
| ૩૦. | ભોગ–બનનાર તથા આરોપીના લીધેલ નમુના કબ્જે લીધાનું પંચનામુ. | ૪૯ |
| ૩૧. | એફ.એસ.એલ. જુનાગઢને કબ્જે લીધેલ નમુનાનું પૃથ્થકરણ કરી અભીપ્રાય આપવા લખેલ પત્ર. | ૫૦ |
| ૩૨. | એફ.એસ.એલ. જુનાગઢને નમુના મળ્યા બદલ લખી આપેલ પહોંચ. | ૫૧ |
| ૩૩. | પી.આઇ. માણાવદરને ભોગ–બનનારને તપાસના કામે સાથે લઇ જવા મંજુરી સબંધે કરેલ ઇ–મેઇલ. | ૫૨ |
| ૩૪. | પી.એસ.આઇ. બાંટવાને બહારના જીલ્લામાં તપાસમાં જવા આપેલ ઓથોરીટી પત્ર. | ૫૩ |
| ૩૫. | બી.આર.સી. ભવન, મુન્દ્રા, કચ્છને સરકારી કર્મચારીને પંચ તરીકે ફાળવવા લખેલ યાદી. | ૫૪ |
| ૩૬. | બનાવની જગ્યાનું પંચનામુ. | ૫૫ |
| ૩૭. | કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર. | ૫૬ |
| ૩૮. | એફ.આઇ.આર. | ૫૭ |
| ૩૯. | સ્ટેશન ડાયરીનો ઉતારો. | ૫૮ |
| ૪૦. | મેડીકલ ઓફીસર, સી.એચ.સી. બાંટવાને ભોગ–બનનારની મેડીકલ તપાસણી કરવા લખેલ પત્ર. | ૫૯ |
| ૪૧. | એફ.એસ.એલ. જુનાગઢનાએ મુદામાલ પરીક્ષણ | ૭૫ |

| | | |
|---|---|---|
| | રીપોર્ટ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર. | |

## – જજમેન્ટ –

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૦૬/૦૧/૨૦૨૫ ના સવારના કલાક ૮.૦૦ થી કલાક ૨૧.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની ભોગ–બનનાર દીકરી, જાતે–અનુ.જાતિ, ઉ.વ. ૧૭ વર્ષ અને ૧૦–માસ, ધંધો–અભ્યાસ, રહે. બાંટવા વાળીને આ કામના આરોપીએ ફોન કરી જુનાગઢ ખાતે મળવા બોલાવી ભોગ–બનનારને લગ્નની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે આરોપીએ મુન્દ્રા ખાતે સાહેદ નં. ૧૪ અજયભાઇ દેવાભાઇ પાંડાવદરાના ઘરે લઈ જઈ સદર સાહેદને આ કામના આરોપીએ પોતે લવમેરેજ કરેલાનું ખોટુ બોલી, મકાન પોતાને ભાડે ન મળે ત્યાં સુધી સાથે રહેવાનું કહી, સાથે રહી ભોગ–બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર (સંભોગ) કરી, બાદ આ કામના આરોપીની બહેનના લગ્ન હોય જેથી પોલીસ સ્ટેશને હાજર થઇ ગુનો કરેલ હોવાની ફરીયાદ બાંટવા પોલીસ સ્ટેશનમાં આપતા, બાંટવા પોલીસે સદર ગુનો ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૬૨૫૦૦૦૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૭, ૧૩૭(૨), ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદના અનુસંધાને બાંટવા પોલીસ સ્ટેશન તરફથી સદર ગુનાની ફરીયાદ દાખલ કર્યા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરેલી અને તપાસ દરમ્યાન આરોપી સામે ઉપરોકત મુજબના ગુના બનવા પામતા હોય આરોપીને અટક કરી, તેઓની વિરુધ્ધ કાયદેસરની પોલીસ તપાસ દરમ્યાન પુરતા પુરાવા જણાય આવતા અત્રેની ખાસ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરતા તેને જરૂરી કાર્યવાહીને અંતે ઉપરોકત કેસ નંબરથી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપી સામેનો હાલનો કેસ અત્રેની કોર્ટ સમક્ષ ચાલવા માટે આવતા અને આરોપી તેઓના વિ.વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થતા, આરોપી

વિરુધ્ધ આંક–૯ થી તહોમતનામુ ફરમાવી, વાંચી, સંભળાવી સમજાવી આંક–૧૦ થી આરોપીનો જવાબ નોંધતા આરોપીએ ગુનો કબુલ નથી, જેથી તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) **નમુના–ક** માં જણાવ્યાં મુજબનો રજુ થયેલ પુરાવો લક્ષમાં લેતા તેમજ વિ.એડી.પી.પી.શ્રીએ આંક–૭૭ થી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું પુરસીશથી જાહેર કરતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નીવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના તમામ પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રીની વિગતવાર મૌખિક દલીલો સાંભળવામાં આવી. જેમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૭, ૧૩૭(૨), ૬૪(૨)એમ તથા પોકસો એકટ મુજબના ગુના પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલાં છે, જે તમામ દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરી આંકે પડાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોકત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરુધ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી, જેથી ફરીયાદપક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય, આરોપીને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

(૬) આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે ફરીયાદીપક્ષે તપાસેલ પુરાવા પૈકી ભોગબનનારના પુરાવાથી બનાવની હકીકતો પુરવાર થયેલ નથી જયારે ફરીયાદપક્ષનો અન્ય પુરાવો સમર્થનકારક પુરાવો હોય જયારે મુખ્ય પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થયેલ ન હોય ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર

આધાર રાખી આરોપીને દોશીત ઠરાવી શકાય નહી. આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૭) બંન્ને પક્ષકારોના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા અને બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમા લેતા આ કેસના ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – <u>મુદાઓ</u> –

(૧) શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, આ કામના ભોગ–બનનાર તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ સગીર વયની ઉંમરના હતાં ?

(૨) શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૦૬/૦૧/૨૦૨૫ ના સવારના કલાક ૮.૦૦ થી કલાક ૨૧.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની દીકરી ભોગ–બનનાર, જાતે–અનુ.જાતિ, ઉ.વ. ૧૭ વર્ષ અને ૧૦–માસ, ધંધો–અભ્યાસ, રહે. બાંટવા વાળીને આ કામના આરોપીએ ફોન કરી જુનાગઢ ખાતે મળવા બોલાવી ભોગ–બનનારને લગ્નની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે આરોપીએ મુન્દ્રા ખાતે સાહેદ નં. ૧૪ અજયભાઇ દેવાભાઇ પાંડાવદરાના ઘરે લઈ જઈ સદર સાહેદને આ કામના આરોપીએ પોતે લવમેરેજ કરેલાનું ખોટુ બોલી, મકાન પોતાને ભાડે ન મળે ત્યાં સુધી સાથે રહેવાનું કહી, સાથે રહી ભોગ–બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર (સંભોગ) કરી અને તેમ કરીને આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૭, ૧૩૭(૨), ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

## – નિ ર્ણ યો –

મુદા નં. ૧ હકારમાં.

મુદા નં. ૨ નકારમાં.

મુદા નં. ૩ આખરી હુકમ મુજબ.

## – કા ર ણો –

**નિર્ણયના કારણો :**

(૯) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે સંભવિતતાના સિધ્ધાંત મુજબ સાબીત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરીયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. હવે ઉપરોકત કાયદાની સ્થાપિત આ કોર્ટ જયારે પોકસો એકટના કાયદા અન્વયે સ્થાપિત થયેલ સ્પેશ્યલ કોર્ટ તરીકે પોકસો એકટ અન્વયેના ગુન્હાની ટ્રાયલ હાથ ધરે લ હોય ત્યારે સૌપ્રથમ એ જોવાનુ રહે છે કે આક્ષેપીત ગુના વખતે ભોગ બનનાર પોકસો એકટની કલમ–૨ (૧)(ડી) મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળક હતા કે કેમ? સદરહુ મુદ્દાઓની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લઈએ તો સદરહુ ગુનાના કામે આરોપી સામે પોક્સો એક્ટની જોગવાઈઓ મુજબના ગુનાઓના આક્ષેપો હોય બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી કે કેમ તે જોવુ આવશ્યક છે. આ તબકકે **સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. અનુપસીંઘ (૨૦૧૫) ૭ એસ.સી.સી., ૭૭૩** નો ચૂકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે . સદર ચૂકાદામાં નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા એવો

સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે **જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩)** ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે . વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા **મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – ૨૦૧૩ (૧૪) એસ.સી.સી., ૬૩૭** ના ચૂકાદામાં તથા **જર્નેલ સીંઘ વિ. સ્ટે ટ ઓફ હરીયાણા –જજમેન્ટ ૨૦૧૩ (૭) એસ.સી.સી., ૨૬૩** ના ચૂકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે , બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩) લાગુ પડે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઇ શકાય. જેથી ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩) ની જોગવાઇ ધ્યાને લેવી જરુરી છે , જે નીચે મુજબ છે ::

"12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a) (i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than aplay school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering

his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

**(૧૦)** ઉપરોકત જોગવાઈ તથા ચુકાદાઓ ધ્યાને રાખી ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પૈકી ફરીયાદપક્ષે ભોગ–બનનાર બનાવ વખતે સગીર વયની હતી તે પુરવાર કરવા માટે તપાસેલ સાહેદો પૈકી સૌપ્રથમ સાહેદ નં. ૧ તરીકે ફરીયાદી એ.યુ. સોંદરવાની આંક–૧૮ થી જુબાની થયેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, તેને સંતાનમાં બે દીકરા અને બે દીકરીઓ છે, જેમાં સૌથી મોટી દીકરી માધવપુર ઘેડ ગામે સાસરે છે, તેનાથી નાની ભોગ–બનનાર અને તેનાથી નાના બે પુત્રો છે. વધુમાં જણાવેલ છે કે, બનાવ બનેલ તે વખતે ભોગ–બનનારની ઉંમર ૧૭ વર્ષ, ૮–માસની હતી. સદર ફરીયાદીની જુબાની દરમ્યાન આંક–૧૯ થી પોલીસ ફરીયાદ રજુ થયેલ છે તે વંચાણે લેતા તેમાં પણ ફરીયાદીએ તેની ભોગ–બનનાર દીકરીની ઉંમર ૧૮ વર્ષ, ૮–માસ (જન્મ તા.૨૨/૪/૨૦૦૭) ની જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૦ થી ભોગ–બનનારની જુબાની થયેલ છે અને તેણીએ જણાવેલ છે કે, તેમણે સરકારી માધ્યમીક શાળા બાંટવામાં અભ્યાસ કરેલો. બનાવ અનુસંધાને જજ સાહેબે તેમની પુછપરછ કરેલ હતી, તેણીની જુબાની દરમ્યાન કોર્ટ રેકર્ડમાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નીવેદન બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે નીવેદન આંક–૨૧ થી રજુ થયેલ છે. વધુમાં સદર આંક–૨૧ વાળા નીવેદન સાથે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ રજુ થયેલ છે તે જોતા તેણીનો જન્મ બાંટવા મુકામે તા.૨૨/૦૪/૨૦૦૭ ના રોજ થયેલ હોવાનું જણાય આવે છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૩ થી ભોગ–બનનારનું જન્મ પ્રમાણપત્ર અસલ રજુ થયેલ છે તે વંચાણે લેતા તેમાં ભોગ–બનનારની જન્મ તા.૨૨/૦૪/૨૦૦૭ ના રોજની છે અને જન્મ નોંધણી તા.૨૭/૦૪/૨૦૦૭ ના રોજ કરાવવામાં આવેલ છે. વધુમાં ભોગબનનારની

બચાચપક્ષે કરેલ સમગ્ર ઉલટતપાસમાં તેમજ ભોગબનનારના પિતાની સમગ્ર ઉલટતપાસમાં ભોગબનનારની ઉંમરની હકીકતને પડકારવામાં આવેલ નથી. આમ, ભોગ–બનનારનો જન્મ તા.૨૨/૦૪/૨૦૦૭ ના રોજ થયેલ હોવાનું રેકર્ડ પરના પુરાવાથી ફલીત થાય છે. આ કામે કહેવાતો બનાવ તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ બનેલ છે ત્યારે બનાવ સમયે ભોગ–બનનારની ઉંમર ૧૭ વર્ષ, ૮–માસ અને ૧૪–દિવસની હોવાનું જણાય આવે છે. ભોગ–બનનારની ઉંમર સબંધે બચાવપક્ષે કોઈ તકરાર લીધેલ નથી ત્યારે રજુ પુરાવાથી બનાવ સમયે ભોગ–બનનાર ૧૭ વર્ષ, ૮–માસ અને ૧૪–દિવસની ઉંમરની હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે, ત્યારે બનાવ સમયે ભોગ–બનનાર સગીર વયની ઉંમરના હતી તેવું રેકર્ડ ઉપર પુરવાર થતુ હોય મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચા ::</u>**

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આ કામના આરોપી સામે એવો આક્ષેપ મુકવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૬/૦૧/૨૦૨૫ ના સવારના કલાક ૮.૦૦ થી કલાક ૨૧.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની દીકરી ભોગ–બનનાર, જાતે–અનુ.જાતિ, ઉ.વ. ૧૭ વર્ષ અને ૧૦–માસ, ધંધો–અભ્યાસ, રહે. બાંટવા વાળીને આ કામના આરોપીએ ફોન કરી જુનાગઢ ખાતે મળવા બોલાવી ભોગ–બનનારને લગ્નની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે આરોપીએ મુન્દ્રા ખાતે સાહેદ નં. ૧૪ અજયભાઈ દેવાભાઈ પાંડાવદરાના ઘરે લઈ જઈ સદર સાહેદને આ કામના આરોપીએ પોતે લવમેરેજ કરેલાનું ખોટુ બોલી, મકાન પોતાને ભાડે ન મળે ત્યાં સુધી સાથે રહેવાનું કહી, સાથે રહી ભોગ–બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર (સંભોગ) કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો આ કામના મુળ ફરીયાદી એ.યુ. સોંદરવાની આંક–૧૮ થી જુબાની થયેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મારા પરીવારમા મારા પત્ની તથા બાળકો કે, જેમા મારે સંતાનમા બે દિકરા અને બે દિકરીઓ

છે જેમા સૌથી મોટી દિકરી 'એલ' તે માધવપુર ઘેડ ગામે સાસરે છે તેનાથી નાની ભોગબનનાર તેનાથી નાનો પુત્ર 'આર' તેનાથી નાનો દિકરો 'એ' છે હું ધોરણ–૯ સુધી ભણેલ છું. વધુમાં જણાવેલ છે કે, ગઈ તા. ૬/૧/૨૫ ના રોજ સવારે આઠેક વાગ્યે હું મારા ઘરે હાજર હતો ત્યારે દરરોજની જેમ મારી ભોગબનનાર દિકરી કોમ્પ્યુટર શીખવા માટે ઘરેથી માણાવદર જવા માટે નિકળેલી અને આજે આવવામા વાર લાગશે તેમ કહીને ગયેલ, ત્યારબાદ હું લાકડા કાપવા માટે જતો રહેલો અને બપોરે અઢી વાગ્યે ઘરે આવી ફરીથી લાકડા કાપવા માટે જતો રહેલો અને સાંજે હું મારી ઘરે પરત ફરેલો ત્યારે મારી પત્નીએ મને જણાવેલ કે, ભોગબનનાર હજુ ઘરે આવેલ નથી, જેથી હું બાટવા બસસ્ટેન્ડ ખાતે તપાસ કરવા માટે ગયેલો પરંતુ ભોગબનનારની કોઈ ભાળ મળેલી નહી અને તેથી મે મારા કુટુંબ અને સગા બધિઓમા પણ ફોન કરી તપાસ કરતા કોઈ સમાચાર મળેલા નહી, ત્યારબાદ સાતેક વાગ્યાની આસપાસ મારા દિકરા 'આર'ના મોબાઈલમા નંબર–૯૫૧૨૦ ૩૮૫૩૩ ઉપરથી ફોન આવેલો અને મને કહેલ કે, " પપ્પા મારી રાહ જોતા નહી'' આટલુ કહી ફોન કપાય ગયેલો અને ત્યારબાદ મે મારા ઘરે આવી મારા પત્નીને આ વાત કરેલી હતી. અમોએ આજુબાજુમા તથા ભોગબનનારની બહેનપણીને ત્યા તપાસ કરતા પણ કોઈ ભાળ મળેલી નહી, અમારા ઘરમા તપાસ કરતા કોઈ ચીજવસ્તુ પણ ગુમ થયેલી નહી, જેથી અમોને થયેલ કે, ભોગબનનાર સવાર સુધીમા કદાચ મળી જશે અથવા આવી જશે, પરંતુ તેમ થયેલ નહી. ત્યારબાદ તા.૭/૧/૨૫ ના રોજ હું તથા મારા મોટાભાઈ બાટવા પો.સ્ટે. ખાતે ફરીયાદ આપવા માટે ગયેલા અને કોઈ અજાણ્યો માણસ મારી ભોગબનનાર દિકરીને લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ હોવાનું મારુ માનવુ હોય જેથી તે મુજબની ફરીયાદ આપેલી, ભોગ બનનાર શરીરે મધ્યમ બાંધાની, વાને ઉજળા વર્ણની, ઉંચાઈ આશરે સવા પાંચેક ફૂટ અને શરીરે સફેદ લીલા કલરવાળો ડ્રેસ પહેરેલ હતો તથા સલવાર લીલા કલરની પહેરેલ હતી અને મે પોલીસ સ્ટેશને ભોગ બનનારના લીવીંગ સર્ટી અને પાસપોર્ટ સાઈઝનો ફોટો રજૂ કરેલ હતો. સદર ફરીયાદીને કોર્ટ રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે પોલીસ ફરીયાદ આંક–૧૯ થી રજુ થયેલ છે. સદર ફરીયાદી વધુમાં જણાવે છે કે, બનાવ બનેલ તે

વખતે ભોગ બનનારની ઉમર ૧૭ વર્ષ, ૮ માસની હતી. પોલીસ ફરીયાદ આપ્યા પછી એક મહીના અને ચાર દિવસ પછી ભોગ–બનનાર મળી આવેલ હતી. મારે ભોગ બનનારને પોલીસ સ્ટેશન ખાતી મળવાનું થયેલ હતું પરંતુ ભોગ–બ્નનાર મારી સાથે આવેલ નહી અને તેણીને શીશુમંગલમાં રહેવાનું પસંદ કરેલુ. ભોગ–બ્નનાર દીકરી સબંધે બહોળી પ્રસિધ્ધી કરવા માટે તેમણે પોલીસને સંમતિ આપેલ હતી. ભોગ બનનારને જયારે પોલીસ સ્ટેશને મળેલ ત્યારે ત્યાં અક્ષયભાઈ પાંડાવદરા ગોરસરવાળા ત્યાં હાજર હતાં. અક્ષયને પોલીસ સ્ટેશને જોયેલ હતો, હું અક્ષયને હાલ ઓળખી શકું નહી. ભોગ–બ્નનારને મારી સાથે મારા ઘરે આવવાનું કહેતા તે અમારી સાથે આવવા માંગતી નથી તેવું જણાવેલ હતું, પોલીસે મારી પુછપરછ કરી વિશેષ નીવેદન લીધેલ હતું વિગેરે હકીકત જણાવેલ છે. સદર ફરીયાદીની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ–બનનાર જે દિવસે ઘરેથી જતી રહેલ તે દિવસે મેં પોલીસમાં કોઈ અરજી કે ફરીયાદ આપેલી ન હતી. ફરીયાદ આપેલ તે વખતે ભોગ–બ્નનાર કયાં છે, કોની સાથે ગયેલ છે તે અંગે મને કોઈ માહીતી ન હતી અને તેથી મેં ફરીયાદમાં કોઈનું નામ લખાવેલ નથી. પોલીસ સ્ટેશને ફરીયાદ આપવા ગયેલ ત્યારે તેની સાથે તેના મોટાભાઈ તથા પરીવારના સભ્યો હાજર હતાં, એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગ–બ્નનાર ગુમ થયા અંગેની ફરીયાદ આપેલ હતી અને પોલીસે ફરીયાદ લખી લીધા બાદ તેમાં મેં મારી સહી કરી આપેલ હતી. મારી ફરીયાદમાં શું લખેલ હતું તે મને પોલીસે વાંચી સંભળાવેલ ન હતું. મારી ભોગ–બનનાર દીકરી ઘરેથી નીકળી ત્યારે તેની ઉંમર લગ્નલાયક હતી. મારે આરોપી અક્ષયને પોલીસ સ્ટેશને મળેલા તે પહેલાં કે તે પછી કયારેય મળવાનું થયેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારની અમે બળજબરીથી બીજે સગાઈ કરી દેવાના હોય જેથી નારાજ જઈ ઘરેથી નીકળી ગયેલ હોય આરોપી ભગાડી ગયાની વિગત ખોટી જણાવું છું વિગેરે હકીકત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ છે. સદર ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર ફરીયાદીએ તેની ફરીયાદમાં તેની દીકરી બનાવના દિવસે કોમ્પ્યુટર શીખવા માટે માણાવદર ગયેલી અને જતા જતા કહેલ કે, આજે આવવામાં વાર લાગશે, બાદ સાંજના તેઓ ઘરે આવેલ

ત્યારે તેના પત્નીએ તેમને જણાવેલ કે, ભોગ–બનનાર હજુ ઘરે આવી નથી જેથી તેઓએ તપાસ કરેલી પરંતુ ભોગ–બનનાર મળી આવેલ નહી અને ત્યાર બાદ સાતેક વાગ્યે તેના દીકરા રોહીતના મોબાઇલમાં ફોન આવેલ અને કહેલ કે, પપ્પા મારી રાહ જોતા નહી એટલું કહી ફોન કપાય ગયેલ અને ત્યાર બાદ આજુબાજુ તથા ભોગ બનનારની બહેનપણીને ત્યાં તપાસ કરતા કોઇ ભાળ મળેલ નહી અને તેમની ભોગ બનનાર દીકરીને કોઇ અજાણ્યો માણસ લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ હોવાની ફરીયાદ આપેલ હોવાનું આંક–૧૯ વાળી ફરીયાદ વંચાણે લેતા જણાય આવે છે. આમ, ભોગ–બનનારને આ કામના આરોપી ભગાડી ગયેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદીએ તેની ફરીયાદમાં કે તેની કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં ભોગ–બનનાર ફરીયાદ આપ્યા બાદ એક મહીના અને ચાર દિવસ પછી મળી આવેલ અને ફરીયાદીને ભોગ–બનનારને મળવાનું થયેલ પરંતુ ભોગ–બનનારે તેમને કોઇ વાત કરેલ હોય તેવી પણ કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ભોગ–બનનારને આ કામના આરોપી ભગાડી ગયેલ હોય અને તેણીની સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર સંભોગ કરેલ હોય તેવી પણ કોઇ હકીકત ફરીયાદીને ભોગ–બનનારે જણાવેલ હોય તેવી પણ કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જે હકીકત ધ્યાને લેતા સદર ફરીયાદીના પુરાવાથી આરોપીને ગુનામાં સાંકળતી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૧૨)** સદર કામે ફરીયાદપક્ષે આંક–૨૦ થી ભોગ–બનનારની જુબાની થયેલ છે. સદર ભોગ–બ્નનારે તેની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, મારે આરોપી સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે પરીચય થયેલ હતો અને આ પરીચય પ્રેમમાં પરીણામેલ હતો અને તેના કારણે મારા ઘરેથી મારા માતા પિતાએ મને ઠપકો આપેલ હતો અને મને લાગી આવતા હું મારી સ્વેચ્છાએ મારા પિતાજીનું ઘર છોડીને ચાલી ગયેલ હતી. આરોપી અક્ષય મને ભગાડીને લઇ ગયેલ હોય કે તેણે મારી સાથે મારી મરજી વિરુધ્ધનું કોઇ કૃત્ય કરેલ હોય કેમ મારી સાથે અપહરણ કે દુષ્કર્મનો કોઇ બનાવ બનેલ હોય તેવું કયારેય બનેલ નથી. મેં સ્વેચ્છાએ ઘર છોડયા બાદ હું કયારેય મારા માતા પિતાને ઘરે ગયેલ નથી. મારી ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થયા બાદ મેં મારી રાજીખુશીથી આરોપી સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધિ મુજબ લગ્ન કરી લીધેલ છે અને છેલ્લા પાંચેક મહીનાથી હું

આરોપી સાથે ગોરસર ગામે તેની ઘરવાળી તરીકે રહું છું. મેં જેતે વખતે મારા માતા પિતાને જાણ કર્યા વગર ઘર છોડી દીધેલ હોય જેથી મારા પિતાએ પોલીસમાં ફરીયાદ લખાવેલ હતી. ત્યાર બાદ હું અને આરોપી પોલીસ સ્ટેશન ખાતે હાજર થયેલ હતાં. પોલીસે મારી પુછપરછ કરેલ હતી અને મેડીકલ તપાસણી અંગેની કાર્યવાહી કરાવેલ હતી. આ બનાવ અનુસંધાને કોર્ટમાં જવાનું થયેલ ત્યાં જજ સાહેબે મારી પુછપરછ કરેલ હતી. સદર ભોગ બનનારને કોર્ટ રેકર્ડમાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ હેઠળનું નીવેદન શીલબંધ કવર અદાલતની પરવાનગીથી ખોલીને બતાવતા તેના પ્રત્યેક પાના ઉપર પોતાની સહી ઓળખી બતાવે છે જે બચાવપક્ષે આંક આપવા સામે વાંધો ન હોય તે નીવેદન આંક–૨૧ થી રજુ થયેલ છે. વધુમાં ભોગ બનનારે જણાવેલ છે કે, મેં સરકારી માધ્યમીક શાળા બાંટવામાં અભ્યાસ કરેલો. પોલીસે નીવેદન લીધેલ તે વખતે મારા બનાવ વખતે પહેરેલ કપડા પણ મારી પાસેથી લીધેલ હતાં. સદર ભોગ–બનનારને મુદામાલ આર્ટીકલ માર્ક સી અને ડી વાળા શીલબંધ બેગીમાં રહેલ કપડા ખોલીને બતાવતા તે જોઇને જણાવે છે કે, આ કપડા મેં પોલીસને રજુ કરેલ હતાં તેજ છે જે ઓળખી બતાવે છે. હું આ સીવાય બીજુ કાંઇ જાણતી નથી તેમ જણાવેલ છે. સદર ભોગ–બનનાર ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરી, વિ.એડી.પી.પી.શ્રીએ સદર ભોગ–બનનારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસ કરવા છતાં પોલીસ નીવેદનમાં લખાવેલ હકીકતને સમર્થન કરેલ નથી. સદર ભોગ–બનનારની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેણીએ સ્વીકાર કરેલ છે કે, મારા માતા પિતા મારી ઇચ્છા વિરુધ્ધ મારી સગાઇ બીજે કરાવવા માંગતા હોય અને તે મને અનુકુળ ન હોય જેથી મેં મારી રીતે ઘર છોડેલ હતું, મારા માતા પિતાનું ઘર છોડીને હું મારી બહેનપણીના ઘરે જતી રહેલ હતી. મારી ઉંમર પુખ્ત થયા બાદ મેં રાજીખુશીથી આરોપી સાથે લગ્ન કરેલ છે. મારી મેડીકલ તપાસણી દરમ્યાન ડોકટર સાહેબને મેં કોઇ હકીકત લખાવેલ નથી, મારે જજ સાહેબ પાસે નીવેદન આપવા જવાનું થયેલ ત્યારે નીવેદનમાં શું લખાવવાનું છે તેનું માર્ગદર્શન મને પોલીસે આપેલ હતું અને તે મુજબ મેં નીવેદનમાં જણાવેલ હતું વિગેરે હકીકત રેકર્ડ ઉપર આવેલ

છે. સદર ભોગ–બનનારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર ભોગ–બનનારે તેના પુરાવામાં આરોપી સાથે ઈન્સ્ટાગ્રામ મારફત પરીચય થયેલો અને આ પરીચય પ્રેમમાં પરીણમેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તેના માતા પિતાએ ઠપકો આપતા તેને લાગી આવતા તેણી તેની સ્વેચ્છાએ તેના પિતાજીનું ઘર છોડીને ચાલી ગયેલ હતી. આ કામના આરોપી તેને ભગાડીને લઇ ગયેલ હોય કે તેની સાથે તેની મરજી વિરુધ્ધનું કોઇ કૃત્ય કરેલ હોય કે તેની સાથે અપહરણ કે દુષ્કર્મનો કોઈ બનાવ બનેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે ત્યારે આ કામના આરોપી ધ્વારા તેણીનું અપહરણ કરી લઇ ગયેલ હોય અને તેણીની સાથે શારીરીક સંભોગ બળાત્કાર કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ભોગ–બનનારનું મેજીસ્ટ્રેટ રુબરુ બી.એન.એસ.એસ ની કલમ–૧૮૩ મુજબનું નીવેદન લેવામાં આવેલ છે તે નીવેદન વંચાણે લેતા તેમાં જણાવેલ છે કે, હું અક્ષયને તા.૬/૧/૨૦૨૫ ના રોજ જુનાગઢ મુકામે મળવા ગઈ હતી, બાદ અમે નાસ્તો કરેલ અને બસ સ્ટેન્ડે બેઠા હતાં, તેટલામાં બસમાંથી મારા કાકાએ અમોને સાથે બેસેલા જોઇને બસમાંથી મને બુમ પાડી કહેલ કે, તું ઘરે આવ એટલી જ વાર છે, બાદ મને બીક લાગતા હું પાછી બાંટવા આવેલ નહી. મને અક્ષયે સમજાવેલ કે, તું બાંટવા જતી રહે, તને થોડું બોલશે અને બે ચાર ધોલધપાટ કરશે એનાથી વિશેષ થશે નહી, પરંતુ મેં અક્ષયની વાત માનેલ નહી અને મારી મરજીથી અક્ષય જોડે કચ્છ જતી રહેલ. બાદ અમે ત્યાં એક મહીના જેવું સાથે રોકાયા હતાં, ત્યાં અક્ષયના મોટાભાઇ અજયભાઈનું ઘર છે ત્યાં અમે રોકાયા હતાં. અમે એક મહીના પછી સામે ચાલીને બાંટવા પોલીસ સ્ટેશનમાં હાજર થયેલાં. વધુમાં જણાવેલ છે કે, અમારો સંપર્ક ઈન્સ્ટાગ્રામમાં થયેલ. મારે અક્ષય સાથે જ જવું છે. મને મારા માતા પિતાના ઘરે જવું નથી. મેં મારી મરજીથી અક્ષય સાથે શરીર સબંધ બાંધેલ છે તેમાં અક્ષયનો કોઇ વાંક નથી. તેણે મારી સાથે કોઇ બળજબરી કરેલ નથી કે મારી મરજી વિરુધ્ધ કોઈ શરીર સબંધ બાંધેલ નાથી અને હું અઢાર વર્ષની થાવ ત્યાર બાદ મારે અક્ષય જોડે જ રહેવું છે. અક્ષય કચ્છ બ્રીટાનીયા કંપનીમાં નોકરી કરે છે અને રૂા.૨૩,૦૦૦/– પગાર ધરાવે છે. અમારે લગ્ન કરવાના એ વાત નકકી છે. મારે વિશેષમાં કંઇ જણાવવું નથી'' તેમ તેમના નીવેદનમાં જણાવેલ છે.

જયારે આવી કોઇ હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ નથી અને ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, જજ સાહેબ પાસે નીવેદન આપવા જવાનું થયેલ ત્યારે નીવેદનમાં શું લખાવવાનું છે તેનું માર્ગદર્શન મને પોલીસે આપેલી હતું અને તે મુજબ મેં નીવેદનમાં જણાવેલ હતું. આમ, સદર તમામ હકીકત ધ્યાને લેતા ભોગ-બનનારના પુરાવાથી આ કામના આરોપીએ તેણીનું અપહરણ કરેલ હોય અને તેણીની સાથે આરોપીએ શરીર સબંધ બાંધેલ હોય કે તેણીની સાથે કોઇ જોરજબરજસ્તી કરવામાં આવેલ હોય કે તેણીને કયાંય તેણીની ઇચ્છા વિરુધ્ધ લઇ જવામાં આવેલ હોય કે તેની સાથે શારીરીક હિંસાનો કોઇ બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકતને સમર્થન મળતુ નથી. આમ, સદર ભોગ-બનનારના પુરાવાથી પણ આરોપી સામે જે પ્રકારના આક્ષેપો મૂકવામાં આવેલ છે તે મુજબનો કોઇ બનાવ બનેલ હોય તેવો કોઇ પુરાવો ભોગ-બનનારે આપેલ નથી, જેથી સદર ભોગ બનનાર સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવામાં મદદરૂપ થાય તેમ નથી.

**(૧૩)** સદર કામે ફરીયાદપક્ષે આંક-૩૮ થી ભોગ-બનનારનો મેડીકલ તપાસણી રીપોર્ટ રજુ થયેલ છે જે બચાવપક્ષે કબુલ રાખતા તેને આંકે પાડવામાં આવેલ છે. સદર રીપોર્ટ વંચાણે લેતા ભોગ-બનનારે ડોકટર સમક્ષ લેખીતમાં બનાવ સંબંધેની હીસ્ટ્રી આપેલી છે અને તેમાં તેણી તેની મરજીથી આરોપી સાથે ગયેલ હોવાનું જણાવેલ છે તેમજ આરોપી સાથે તેની મરજીથી શારીરીક સંબંધ બાંધેલ હોવાનું હીસ્ટ્રીમાં જણાવેલ છે પરંતુ સદર રીપોર્ટમાં ભોગ બનનાર સાથે જબરદસ્તીથી શારીરીક સબંધ બંધાયેલ હોય તેવા કોઇ ઇજાના ચીન્હો જોવામાં આવેલ નથી. ભોગ-બનનારે તેની ઉલટતપાસમાં તેની મેડીકલ તપાસણી દરમ્યાન ડોકટર સાહેબને કોઇ હકીકત લખાવેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે જે હકીકત ધ્યાને લેતા પણ મેડીકલ તપાસણી રીપોર્ટમાં જણાવેલ હીસ્ટ્રીને સમર્થન મળતુ નથી. જો કે ભોગ-બનનારે તેની જુબાનીમાં આ કામના આરોપીએ તેની સાથે કોઇ શારીરીક સંભોગ કરેલ હોવાની હકીકત જણાવેલ નથી ત્યારે રજુ થયેલ આંક-૩૮ વાળા રીપોર્ટ ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં આંક-૩૯ થી આરોપીનો મેડીકલ તપાસણી રીપોર્ટ રજુ થયેલ છે જે બચાવપક્ષે કબુલ રાખતા તેને આંકે

પાડવામાં આવેલ છે પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ ભોગ–બનનારે બનાવની હકીકતને સમર્થન આપેલ ન હોય જેથી રજુ થયેલ આંક–૩૯ વાળો રીપોર્ટ ફોર્મલ પુરાવો બની રહે છે અને તેના ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૪) વધુમાં ફરીયાદપક્ષે આંક–૬૪ થી પોલીસ સાહેદ રૂત્વીક મંગાભાઇ વાળાની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ગત તા.૭/૧/૨૫ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે ભોગ બનનારના પિતા "એ" અમારા રુબરુની ફરીયાદ આપેલ હોય જે ફરીયાદ ભોગ બનનારના પિતાને વાંચી સંભળાવી અને અમારા રૂબરૂ લીધેલ જે બાદ ભોગ બનનારની ગુમશુદા અંગેની બહોળી પ્રસિધ્ધી અંગેની જાહેરાત આંક–૨૨ થી જાહેર કરેલ અને તે સાથે આંક–૨૩ થી તેનું જન્મ અંગેનું પ્રમાણપત્ર પણ તેઓના પિતાએ આપેલ તેમજ આંક–૨૪ થી ના.પો.અધિ. કેશોદનાઓને ઈમેલ કરેલ, ત્યારબાદ બનાવવાળી જગ્યાનું પંચનામું કરવાનું હોય અમોએ બે સ્વતંત્ર પંચો (૧) વશરામભાઇ રાઠોડ તથા (૨) ભુપતભાઇ પરમારનાઓને બોલાવી બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ જે આંક–૨૬ થી રજુ છે તેમાં બે પંચોની સહી તથા રુબરુ તરીકે મારી સહી છે, ત્યારબાદ અમોએ સી.ડી. આર. ફોર્મ પાના નં.૩ તપાસના કામે રજુ કરેલ જે આંક–૨૭ થી રજુ છે તે જ છે. તેમજ ભોગ બનનારની ઉંમરની ખરાઇ માટે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ આચાર્ય શ્રી સરકારી ઉચ્ચતર માધ્યમીક શાળા, બાંટવા તા. માણાવદર નાઓને કરેલ યાદી જેમાં મારી સહી છે જે આ કામે આંક–૨૮ થી રજુ છે તેજ છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવું છું. ત્યારબાદ આંક–૨૯ તથા ૩૦ થી સી.ડી.આર. ફોર્મ તપાસના કામે રજુ કરવામાં આવેલ બાદ તા.૮/૨/૨૫ ના રોજ ભોગ બનનારનું અમારા રુબરુનું નિવેદન લીધેલ જેમાં મહીલા પોલીસ સાથે રાખેલ અને ભોગ બનનાર છે તેઓ શરીર સંબંધી કબુલાત કરતા હોય અને ઈચ્છા વિરુધ્ધની શરીર સંબંધની કબુલાત કરતા હોય જેથી તા.૮/૨/૨૫ ના રોજ જે.એમ.એફ.સી. માણાવદર કોર્ટને પોકસો કલમ–૪,૬,૮,૧૨ નો ઉમેરો કરવા માટે રીપોર્ટ કરેલ જે આ કામે આંક–૩૩ થી રજુ છે તેજ છે, ત્યારબાદ અમારા દવારા પો.અધિ.શ્રી જુનાગઢનાઓને સદર ગુનાની તપાસ સંભાળી લેવા યાદી કરેલ તે યાદીમાં મારી સહી છે જે

યાદી આ કામે આંક–૩૧ થી રજુ છે તે જ છે જે હું ઓળખી બતાવું છું. તેમજ ભોગ બનનારની મેડી. તપાસણી થવા મારા દવારા બાંટવા પી.એચ.સી. સેન્ટરને યાદી કરેલ જેમાં મારી સહી છે જે ઓળખી બતાવું છું તે આ કામે આંક–૫૯ થી રજુ છે તે જ છે. ત્યારબાદ આંક–૩૨ થી સદર ગુનો ભારે પ્રકારનો હોય અમારા દવારા પો.અધિ. જુનાગઢનાઓને ઉદ્દેશીને સદર ગુનાની આગળની તપાસ સંભાળી લેવા બાબતે રીપોર્ટ કરવામાં આવેલ જે બાદ પો.અધિ.શ્રી કચેરીના હુકમ મુજબ આગળની તપાસ આઇ.યુ.સી.એ.ડબલ્યુ. ને સોંપેલ તેમજ મારા દવારા તપાસના કામે આંક–૪૭ થી ચીફ ઓફીસર નગરપાલીકાને ભોગ બનનારનું લીવીંગ સર્ટીની ખરાઇ કરી દાખલો આપવા યાદી કરેલ જેમાં મારી સહી છે જે ઓળખી બતાવું છું ત્યારબાદ ભોગ બનનાર મળી આવ્યા બાદ પો.અધિ.શ્રીને મારા દવારા આંક–૪૮ થી ફેકસ મેસેજ કરવામાં આવેલ જેમાં મારી સહી છે જે ઓળખી બતાવું છું. ત્યારબાદ આ કામે પો.અધિ. શ્રી જુનાગઢની કચેરી ક્રમાંક આર.બી./ટે–૪/તપાસ/મંજુરી ૩૨/૨૦૨૫ જુનાગઢનાઓ પાસે માણાવદર પી.આઈ.શ્રી દવારા મંજુરી માંગતા અને મંજુરી મળતાં માણાવદર પી.આઇ. શ્રીનાઓએ અમોને પો.સબ ઈન્સ.શ્રી બાંટવા પો.સ્ટે., આ ગુનાની તપાસ અમોને સંભાળી લેવા તથા જરુરી પો.સ્ટાફ સાથે ભોગ બનનારને સાથે લઈ મુન્દ્રા કચ્છ મુકામે તપાસમાં જવા અમોને ઓથોરાઈઝ કરેલા હોય જેથી બાદ ગુનાના કામે તા.૧૭/૩/૨૫ ના રોજ ભોગ બનનારને સાથે રાખી કચ્છ મુન્દ્રા ખાતે તપાસમાં ગયેલ અને ઈ.ચા.શ્રી બી.આર.સી. ભવન મુન્દ્રા કચ્છનાઓને ઉદ્દેશીને આંક–૫૪ થી યાદી કરવામાં આવેલ જેમાં મારી સહી છે જે ઓળખી બતાવું છું. ત્યારબાદ કચ્છ મુન્દ્રા ખાતેથી બનાવ બનેલ તે અંગે બનાવવાળિ જગ્યાનું પંચનામું કરવાનું હોય બે સરકારી પંચો(૧) જેસીંગભાઇ જાલા તથા (૨) દિનેશભાઇ વાઘેલાને સાથે રાખી તેઓના લખાવ્યા મુજબનું પંચનામુ લખી તેને વાંચી સંભળાવ્યા બાદ તેમાં બંનેની સહીઓ લીલધેલી અને રૂબરૂ તરીકે મારી સહી કરેલી જે આ કામે આંક–૫૫ થી રજુ થયેલ છે તે જ છે. આંક–૫૬ થી ઇ સાક્ષી સર્ટીફીકેટ મેળવેલ તેમજ સદર ગુનો રજી.થયા અંગે કલમ–૧૫૪ મુજબનો ઉતારો આંક–૫૭ થી તથા ૫૮ થી સ્ટે.ડાયરીમાં નોંધ મારા ધ્વારા કરવામાં આવેલી. તેઓએ ભોગ–

બનનારનું તા.૭/૨/૨૫ ના રોજ નીવેદન લીધેલ તેમાં ભોગ–બનનારે જે હકીકત લખાવેલી તે હકીકત સદર સાહેદે તેની જુબાની દરમ્યાન જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ આપેલ ફરીયાદમાં આરોપીનું નામ જણાવેલ ન હતું કે શકદાર તરીકે પણ કોઇનું નામ જણાવેલ ન હતું. તેમની તપાસ દરમ્યાન ભોગ બનનારને જબરજસ્તીથી ભગાડી ગયેલ હોય તેવું પણ ખુલેલ નથી વિગેરે હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લીધેલી અને સદર ફરીયાદમાં આરોપીનું નામ કે શકદાર તરીકે પણ કોઇનું નામ જણાવેલ ન હોવાનું અને તપાસ દરમ્યાન ભોગ બનનારને કોઈ જબરજસ્તીથી ભગાડી ગયેલ હોય તેવી કોઈ હકીકત ખુલવા પામેલ ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે જે હકીકત ધ્યાને લેતા પણ આરોપીને આક્ષેપીત ગુનામાં સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય તેવું જણાય આવતુ નથી.

**(૧૫)** સદર કામે ફરીયાદપક્ષે આંક–૬૦ થી પોલીસ સાહેદ હર્ષાબેન પાબુદાન ગઢવીની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૫ મા હુ મહીલા પો.સ્ટે. જુનાગઢ ખાતે પી.આઇ.તરીકે મારી ફરજ બજાવતી હતી અને આઇ.યુ.સી.એ.ડબલ્યુ. યુનીટ જુનાગઢનો વધારાનો ચાર્ઝ મને સોપવામા આવેલ હતો તે દરમ્યાન બાંટવા પો.સ્ટે.ગુ.ર.નં. ૦૦૦૧/૨૫ ના ગુન્હાની તપાસ પી.એસ.આઇ. વાળા ચલાવી રહેલા હતા અને તે ગુન્હાના કામે પોકસોની કલમનો ઉમેરો થયેલ હોય જેથી તે ગુન્હાની તપાસ સાધનીક કાગળો સાથે મને સોપવામા આવેલ હતી જે મે સંભાળેલી હતી અને મને મળેલા તપાસના કાગળોનો અભ્યાસ કરીને આગળની તપાસ શરુ કરેલી હતી, મારી તપાસ દરમ્યાન મે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ નોંધીને તેઓને વાંચી સંભળાવેલ અને તે બરાબર હોવાનુ સાહેદોને જણાવતા મે રૂબરૂપણા અંગે મે મારી સહી કરેલી હતી, મારી તપાસ દરમ્યાન આરોપી અક્ષયભાઈ દેવાભાઈ, ઉ.વ. ૨૨, રહે. ગોરસરવાળાની અટક કરવા યોગ્ય પુરાવો મળી આવેલ હોય જેથી સદર આરોપીની અટક કરવા અંગેની કાર્યવાહી કરેલી હતી અને તે અંગેનુ પંચનામુ

તટસ્થ પંચો (૧) મનોજભાઈ ગોપાલભાઈ તથા (૨) જેન્તીભાઇ નરસીભાઇને હાજર રાખી તેઓની હાજરીમા કરવામા આવેલ અને પંચનામાની વિગતે આરોપીએ બનાવ વખતે પહેરેલા કપડા કુલ ૨ કબજે કરવામા આવેલા જે પંચનામુ પંચોને વાંચી સંભળાવતા બરાબર હોય જેથી પંચોએ અમારા રુબરુ તેમની સહી કરેલી અને રુબરુપણા અંગે અમે અમારી સહી કરેલ જે પંચનામુ આ કામે આંક–૩૫ થી રજુ થયેલ છે તેજ છે જેમા પંચોની તથા મારી સહીઓ છે જે ઓળખી બતાવુ છુ. તેમજ, તે પંચનામુ કરતી વખતે ઇ–સાક્ષ્યની કાર્યવાહી કરવામા આવેલ હોય તે અંગેનું સર્ટી મે આપેલ હતુ જે આ કામે આંક–૩૬ થી રજુ થયેલ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. તેમજ, સદર આરોપીની અટક કરયા અંગેની નોંધ સ્ટે.ડા. મા કરવા માટે યાદી કરેલ હતી જે આ કામે આંક–૩૭ થી રજુ થયેલ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. સદર આરોપીની અટક થયા બાદ તેની મેડીકલ તપાસણી કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરેલીહતી અને તે અંગેની યાદી સીએચસી માણાવદરના મેડીકલ ઓફીસરશ્રીને કરેલ હતી જે આ કામે આંક–૩૪ થી રજુ થયેલ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. વધુમાં જણાવે છે કે, મારી તપાસ દરમ્યાન આ કામના ભોગ બનનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કરવા અંગેની જરુરી કાર્યવાહી કરવામા આવેલ હતી અને તે અંગેનુ પંચનામુ તટસ્થ પંચો (૧) મનોજભાઇ ગોપાલભાઇ તથા (૨) જેન્તીભાઈ નરસીભાઇને હાજર રાખી તેઓની હાજરીમા કરવામાં આવેલ અને પંચનામાની વિગતે ભોગ બનનારે બનાવ વખતે પહેરેલા કપડા કુલ ૨ કબજે કરવામા આવેલા જે પંચનામુ પંચોને વાંચી સંભળાવતા બરાબર હોય જેથી પંચોએ અમારા રુબરુ તેમની સહી કરેલી અને રુબરુપણા અંગે અમે અમારી સહી કરેલ જે પંચનામુ આ કામે આંક–૪૦ થી રજુ થયેલ છે તેજ છે જેમા પંચોની તથા મારી સહીઓ છે જે ઓળખી બતાવુ છુ તેમજ, તે પંચનામુ કરતી વખતે ઇ–સાક્ષ્યની કાર્યવાહી કરવામા આવેલ હોય તે અંગેનું સર્ટી મે આપેલ હતુ જે આ કામે આંક–૪૧ થી રજુ થયેલ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છું. મારી તપાસ દરમ્યાન ભોગ બનનારની મેડીકલ તપાસણી થવા અંગે સમા ૮ મેડીકલ ઓફીસર સીવીલ હોસ્પીટલ જુનાગઢનાઓને યાદી કરેલી હતી જે યાદી આંક–૪૫ થી રજુ થયેલ છે તેજ છે

જેમાં મારી સહી છે જે ઓળખી બતાવું છું, ત્યાર બાદ આગળની તપાસ માણાવદરના પી.આઇ.શ્રી ડી.આર. પારગી સાહેબ ધ્વારા કરવામાં આવેલ હતી. તપાસ દરમ્યાન તેઓએ ભોગ-બનનારનું તા.૮/૨/૨૫ ના રોજ નીવેદન લીધેલ અને ભોગ-બનનારે તેમની સમક્ષના નીવેદનમાં જે હકીકતો જણાવેલી તે હકીકત સદર સાહેદે તેની જુબાની દરમ્યાન જણાવેલ છે. સદર સાહેદને કોર્ટ સમક્ષ મુદ્દામાલ આર્ટીકલ માર્ક- એ થી બી વાળા કપડા બતાવતા તે કપડા તમો આરોપીએ અટકની કાર્યવાહી વખતે રજુ કરેલાં તે જ હોવાનું ઓળખી બતાવે છે તથા મુદ્દામાલ આર્ટીકલ માર્ક સી તથા ડી વાળા કપડા બતાવતા તે ભોગ-બનનારે બનાવ વખતે પહેરેલ હતા અને પંચનામાની કાર્યવાહી વખતે રજુ કરેલ હતા તે જ હોવાનું ઓળખી બતાવે છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ એક દિવસ મોડી આપવામાં આવેલ હતી અને તેનું કોઈ કારણ બતાવવામાં આવેલ ન હતું અનજે કોઈ નામજોગ ફરીયાદ આપવામાં આવેલ ન હતી. આરોપી જાતે પોલીસ સ્ટેશન હાજર થયેલ હતાં. ભોગ બનનાર તેના માતા પિતા સાથે ન જઈને શીશુમંગલ સંસ્થામાં ગયેલ હતી વિગેરે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ તેમની તપાસ દરમ્યાન કરેલ કામગીરી સબંધેનો પુરાવો આપેલ છે.

**(૧૬)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષે આંક-૭૪ થી પોલીસ સાહેદ દિલીપકુમાર રતનસિંહ પારઘીની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને-૨૦૨૫ માં અમો માણાવદર ખાતે પી.આઈ. તરીકે મારીફરજ પર હતા દરમ્યાન બાંટવા પો. સ્ટે. ગુ.ર. નં. ૦૦૦૧/૨૫ થી નોંધાયેલ ગુન્હાની તપાસ અમોએ સંભાળેલી હતી અને મારી તપાસ દરમ્યાન ભોગ બનનારનું કલમ-૧૮૩ મુજબનું નીવેદન લેવડાવવાની તજવીજ કરાવી હતી, જે યાદી આંક-૪૩ થી રજુ થયેલ છે તે જ છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ, તેમજ આરોપીના મેડીકલ નમુનાઓ સી.એચ.સી. માણાવદર ખાતેથી પો.કો. જયેશભાઈ નંદાણીયા રજુ કરતા હોય જે ધોરણસરનું પંચનામુ કરી કબજે કરેલા, જે પંચનામુ આ કામે આંક-૪૯ થી રજુ થયેલ છે તે જ છે જેમાં

મારી તથા પંચોની સહી છે જે હું ઓળખી બતાવુ છું. સદર ગુના ના કામે કબજે થયેલ મુદામાલ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ. વિભાગમાં મોકલેલ હતો જે અંગેની રવાનગી નોંધ આ કામે આંક-૫૦ થી રજુ થયેલ છે તે જ છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ, સદર મુદામાલ એફ.એસ.એલ. ને મળ્યા બદલની પહોંચ અમોને આપવામાં આવેલી હતી જે આ કામે આંક-૫૧ થી રજુ થયેલ છે તે જ છે, મારી તપાસ દરમ્યાન બહારના જીલ્લામાં તપાસ અથે" જવા માટે મંજુરી માંગવાની યાદી કરેલી હતી જે આ કામે આંક-૫૨ થી રજુ થયેલ છે તે જ છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. મારી તપાસ દરમ્યાન તા.૨૨/૩/૨૫ ના રોજ સાહેદ રવીભાઇ સોમાભાઇ સાંચીયાનું નીવેદન તેઓના લખાવ્યા મુજબનું મે લખી લીધેલ હતુ, આ ગુનાના કામે એફ.એસ.એલ વિભાગના રીપોર્ટ અમોને મળેલા હતા જે આજરોજ હુ મારી સાથે લાવેલ છુ જે આજરોજ હુ રજુ કરુ છુ જે ફોરવર્ડીંગ લેટર તથા અભિપ્રાયને સંયુકત આંક-૭૫ આપવામાં આવે છે. મારા પુરોગામી ત.ક.અ.શ્રી વાળા તથા શ્રી ગઢવીએ તપાસ કર્યા બાદ ઉપર મુજબની તપાસ મેં કરેલ હતી, મારી તપાસ દરમ્યાન આરોપીએ બી.એન.એસ. કલમ-૮૭, ૧૩૭(૨), ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮, ૧૨ મુજબનો ગુનો કરેલ હોવાના પુરતા પુરાવા મળી આવેલ હોય જેથી નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતું વિગેરે હકીકત જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ-બનનારની ઉંમર ૧૭ વર્ષ અને ૧૦ મહીનાની હતી. હાલના ગુનાની મોટાભાગની તપાસ ત.ક.અ.વાળા તથા ગઢવી સાહેબે કરેલ છે. આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા તેઓએ આગળની તપાસ કરી તપાસને અંતે ચાર્જશીટ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

**(૧૭)** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીએ ગઇ તા.૦૬/૦૧/૨૦૨૫ ના સવારના કલાક ૮.૦૦ થી કલાક ૨૧.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની દીકરી ભોગ-બનનાર, જાતે-અનુ.જાતિ,

ઉ.વ. ૧૭ વર્ષ અને ૧૦–માસ, ધંધો–અભ્યાસ, રહે. બાંટવા વાળીને આ કામના આરોપીએ ફોન કરી જુનાગઢ ખાતે મળવા બોલાવી ભોગ–બનનારને લગ્નની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે આરોપીએ મુન્દ્રા ખાતે સાહેદ નં. ૧૪ અજયભાઈ દેવાભાઈ પાંડાવદરાના ઘરે લઈ જઈ સદર સાહેદને આ કામના આરોપીએ પોતે લવમેરેજ કરેલાનું ખોટુ બોલી, મકાન પોતાને ભાડે ન મળે ત્યાં સુધી સાથે રહેવાનું કહી, સાથે રહી ભોગ–બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતા અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર (સંભોગ) કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર કામે મુળ ફરીયાદી તથા ભોગ–બનનાર સાહેદનો પુરાવો તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી ભોગ–બનનારને આ કામના આરોપી ફરીયાદીના વાલીપણામાંથી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઈ ગયેલ હોવાની હકીકત અને આ કામના આરોપી ભોગ–બનનાર સગીર વયની ઉંમરની હોવાનું જાણતા હોવા છતા ભોગ–બનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર સંભોગ કરેલ હોય તેવી કોઈ હકીકત રજુ થયેલ મૌખિક ભોગ–બનનારના તથા અન્ય સાહેદોના પુરાવાથી પુરવાર થયેલ નથી કે અન્ય દસ્તાવેજી પુરાવાથી તેને સમર્થન પણ મળેલ નથી. ભોગ–બનનારે કોર્ટ સમક્ષ જે પુરાવો આપેલ છે તેમાં આરોપી સાથે તેને ઈન્સ્ટાગ્રામ મારફત પરીચય થયેલ હોવાનું અને આ પરીચય પ્રેમમાં પરીણમેલ હોય અને તેના કારણે તેણી તેના ઘરેથી તેના માતા પિતાએ ઠપકો આપતા તેને લાગી આવતા તેણી તેની સ્વેચ્છાએ તેના પિતાજીનું ઘર છોડીને ચાલી ગયેલ હતી. આરોપી તેને ભગાડીને લઈ ગયેલ હોય કે આરોપીએ તેની સાથે તેની મરજી વિરુધ્ધનું કોઈ કૃત્ય કરેલ હોય કે તેની સાથે અપહરણ કે દુષ્કર્મનો કોઈ બનાવ બનેલ હોય તેવું કયારેય બનેલ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. તેણીએ સ્વેચ્છાએ ઘર છોડયા બાદ કયારેય તેના માતાપિતાના ઘરે ગયેલ નથી. તેની ઉમર ૧૮ વર્ષ પૂર્ણ થયા બાદ તેની રાજીખુશીથી આરોપી સાથે લગ્ન કરી લીધેલ છે અને આરોપીની ઘરવાળી તરીકે રહે છે તેવી હકીકત ભોગ–બનનારના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે. ભોગ–બનનારના પુરાવાથી આ કામના આરોપીએ તેણીનું અપહરણ કરેલ હોય અને તેણીની સાથે આરોપીએ શરીર સબંધ બાંધેલ હોય કે તેણીની સાથે કોઈ

જોરજબરજસ્તી કરવામાં આવેલ હોય કે તેણીને કયાંય તેણીની ઈચ્છા વિરુધ્ધ લઈ જવામાં આવેલ હોય કે તેની સાથે શારીરીક હિંસાનો કોઈ બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતુ નથી. આમ, સદર ભોગ–બનનારના પુરાવાથી પણ આરોપી સામે જે પ્રકારના આક્ષેપો મૂકવામાં આવેલ છે તે મુજબનો કોઈ બનાવ બનેલ હોય તેવો કોઈ પુરાવો ભોગ–બનનારની જુબાનીમાં રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામે જે ફરીયાદ આપેલ છે તેમાં પણ આરોપીનું નામ કે શકદાર તરીકે આરોપીનું નામ જણાવેલ નથી, ભોગ–બનનાર બનાવ બાદ ફરીયાદીને મળેલ હોય અને ફરીયાદીને ભોગ–બનનારે બનાવ સબંધે કોઈ હકીકત જણાવેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ભોગ–બનનારની મેડીકલ તપાસણી દરમ્યાન હીસ્ટ્રીમાં તેણીએ જે હકીકત જણાવેલ છે તેનું ભોગ–બનનારે ઉલટતપાસમાં ખંડન કરેલ છે અને આવી કોઈ હકીકત ડોકટર સાહેબને લખાવેલ નથી તેમ જણાવેલ છે. વધુમાં ભોગ–બનનારે મેજીસ્ટ્રેટ રૂબરૂના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નીવેદનમાં જે હકીકત જણાવેલ છે તે પોલીસે માર્ગદર્શન આપેલ તે મુજબ નીવેદનમાં જણાવેલ હતું તેમ જણાવેલ છે જે આંક–૨૧ વાળા મેજીસ્ટ્રેટ સમક્ષના નીવેદનમાં ''મેં મારી મરજીથી અક્ષય સાથે શરીર સબંધ રાખેલ છે તેમાં અક્ષયનો કોઈ વાંક નથી, તેણે મારી સાથે કોઈ બળજબરી કરેલ નથી કે મારી મરજી વિરુધ્ધ કોઈ શરીર સબંધ બાંધેલ નથી'' તેમ જણાવેલ છે. જો કે, ઉલટતપાસમાં સદર હકીકતનું ખંડન કરેલ છે જેથી પણ ભોગ–બનનારના પુરાવામાં એકસુત્રતા જળવાતી નથી અને તેમના પુરાવામાં સચ્ચાઈ અને વિશ્વસનીયતા જણાય આવતી નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ મુજબના આવશ્યક તત્વો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય અને આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ શંકારીહત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી. જેથી મુદ્દા નં. ૨ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં. ૩ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

**(૧)** આ કામના આરોપી **અક્ષય દેવાભાઈ પાંડાવદરા,** રહે. ગોરસ, તા.જી. પોરબંદર, હાલ–મુન્દ્રા, જી.કચ્છ નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૭, ૧૩૭(૨), ૬૪(૨) એમ. તથા પોકસો એકટ કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ આ ચુકાદા વિરુધ્ધ કોઈ અપીલ, રીવીઝન કે અન્ય કોઈ પ્રોસડીંગ થાય તો તેમાં હાજર રહેવા માટે તહોમતદારે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પુરાં) ના જાત મુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. આ જામીન રજુ થયેથી કેસ દરમ્યાન આ તહોમતદારના લેવાયેલા જામીન રદ થયેલાં ગણાશે.

**(૪)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે લેવાયેલા તહોમતદારના જામીનની સમય મર્યાદા છ માસ સુધીની રહેશે.

હુકમ આજ તા. ૨૩મી, માહે–જુલાઈ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.
તા.૨૩/૦૭/૨૦૨૬.

**(સલીમભાઈ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**